# મૉં ની દીકરીને સલાહ

જયારે દીકરીનો માઁ બાપના ઘરમાંથી વિદા થવાનો વક્ત આવે છે તો માં દીકરીને સાસરામાં રહેવાનો તરીકો, ઘરમાં બુઝુર્ગો સાથે તમીઝ અને તેહઝીબથી વાત કરવાનો સલીકો, સાસુ-સસરા અને શૌહર ની ખિદમત કરવાનો તરીકો શીખવાડે છે. માં દીકરીને કહે છે... અય લાડલી! હવે તારો આ ઘરમાંથી વિદા થવાનો વક્ત આવી ગયો છે આ ઘરમાં તુ ફક્ત ચંદ દિનો ની મહેમાન છે. આવ મેં તુને તારા શૌહરના ઘરમાં કઇ રીતે તું ઝીંદગી ગુઝારીશ તેની નેક વાતો કહું. તું નેક અમલ કરતા શીખ, અને દરેક કામ બહેતરમાં બહેતર તરીકાથી કરતા શીખ. તું તારી સહેલીઓ સાથે, ઘરના અફરાદ સાથે યા તારા કોઇ હમદર્દ સાથે વાતચીત કરે ત્યારે કોઇ બીજાના ઐબ બાબત વાત ન કર. રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ***"બીજાના ઐબો ઝાહીર ન કરો યાની કે પોશીદા રાખો. બીજાના ઐબ ઢાંકવામાં જ અપની ભલાઇ છે. "***

મારી દુખ્તરે નેક અખ્તર! અલ્લાહતઆલા કુર્આને કરીમમાં ફરમાવે છે કે, " અગર દીકરીને કોઇકામ સર બહાર જવાનું થાય તો સૌથી પહેલા એના શૌહરની રઝા લે. અગર શૌહરની રઝામંદી ન હોય તો એ ઘરની બહાર પગ ન મૂકે." બની શકે તો બાઝારમાં શૌહરની સાથે યા તો કુટુંબના કોઇ ફર્દ સાથે જવું. યાદ રાખ! અલ્લાહ તઆલા કુર્આને કરીમમાં બીજું એ પણ ફરમાવે છે કે, "દીકરી યા ઔરતનું મોટામાં મોટું અને મોંઘામાં મોંઘુ ઘરેણું શરમ અને હયા છે." શરમ અને હયા અગર ઔરતમાંથી જતી રહે તો એ ઔરતને સમાજ બૂરી નઝરથી જુએ છે અને ધુત્કારે છે. એની સાથે વાત કરતા પણ ખચકાય છે.

અય મારા જીગરગોશા! મેં જે જે વાતો કહું તે તારા દિલ-દિમાગમાં ઉતારી લે. બુરી અને બદતર ખસલતવાલી ઔરત એના ચહેરા અને ચાલચલન પરથી જ માલુમ પડી જાય છે. કોઇના ખુશી-ગમીના અવસરમાં અગર જાવાનું થાય તો તારી નિગાહ-નઝર અને અવાઝને સદા નીચો રાખ. મૌલાતના માં ફાતેમતુઝઝહેરા (અ.સ.) એ ફરમાયું છેકે, ***"દીકરીઓ યા ઔરતને વધારે હસવું નહિ.*** દીકરીઓને પોતાના શૌહર સાથે યા ઘરના બીજા શખ્સો સાથે નરમાઈથી પેશ આવવું. ઝબાન-દરાઝી કરવી નહિ કારણકે ઝબાન જ ઈન્સાનને ધોકો દઈ જાય છે." ઈમામ હુસૈન (અ.સ.) એ ફરમાયું છે કે, *"તમે તમારી ઝબાનને કાબુમાં રાખો ! અને સબર કરો !"*

અને હા વ્હાલી દીકરી ! આ વાત ધ્યાનમાં રાખજે ! ઈમાનવાલી ઔરત એ છે કે, જે ઘરમાં સાફ સફાઇ રાખે. જમવાની ચીઝ વસ્તુઓની ખૂબ સંભાલ રાખે, જમવાની ચીઝોને ઢાંકીને મૂકે જેથી તેમાં શયતાન દાખલ ન થાય. ઘરનો કચરો ઘરમાં ન રાખે. કપડાં લત્તાં સાફ અને ચોખ્ખા રાખે. પાકી અને ચોખ્ખાઇ તો અલ્લાહતઆલાને પણ બહુ પ્યારી છે. અપની પાકી અને ચોખ્ખાઇ અપને સમાજમાં ઈઝઝત અને શરફ અપાવે છે.

અને છેલ્લે એક ઝરૂરી વાત એ યાદ રાખજે કે કોઇ પણ હાલાતમાં કોઇ પણ મુસીબત યા મુશ્કેલાતમાં નમાઝ ન મૂકીશ, દિવસની પાંચે વક્તની નમાઝ પઢવાની કોશિશ કરજે અને રોજ ફજેરે નમાઝ પઢી કુર્આને કરીમની તિલાવત કરજે. જેથી અલ્લાહતઆલાનો સાયો તારા ઘર પર, તારા શૌહર પર, તારા શૌહરની રોઝી પર અને ઘરના બીજા બુઝુર્ગો પર કાઇમો દાઇમ રહે અને અલ્લાહતઆલા તને હર મુસીબત અને મુશ્કેલાતમાંથી બાહિફાઝત રાખે. બસ મારી એટલી નસીહત, નેક વાતો યાદ રાખજે ! શાયદ તારી ઝીંદગી કામયાબ થઇ જાય.★